


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૨ | ૧ ઓક્ટોબર, ૨૦૧૮, સોમવાર; ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### માનવ અધિકાર મામલે ભારતનો પાકને આકરો જવાબ

પાકિસ્તાન વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરેશીના આધારહીન આરોપોને ભારતે ૭૩મી સંયુકત રાષ્ટ્ર સામાન્ય સભામાં ફગાવી દીધા હતા. આ આરોપોનો જવાબ આપતા સનદી અધિકારી ઈનમ ગંભીરે જણાવ્યું કે માનવ અધિકાર મામલે ભારત પર ટીપ્પણી કરવાનો પાકિસ્તાનને કોઈ અધિકાર નથી. માનવ અધિકાર તે પોતાના ઘરેથી શરુ કરે.

### મધ્યપ્રદેશમાંથી ખતરનાક કેમીકલ જપ્ત

ડીઆરઆઈએ એક સપ્તાહ સુધી ચાલેલા ઓપરેશન બાદ ઈન્દોરની એક ગેરકાયદે લેબોરેટરીનો ભાંડો ફોડયો છે. આ લેબમાંથી ૯ કિલો સિન્થેટીક ઓપિયોઈડ મળી આવ્યું છે. આ કેમીકલ એક સાથે ૪૦-૫૦ લાખ લોકોને મારી શકવાની ક્ષમતા ધરાવે છે.


### વિદેશી સેનાઓને દેશ છોડવા સિરિયાની અપીલ

સિરિયાના વિદેશ મંત્રીએ અમેરિકા, ફ્રાંસ અને તુર્ક સેનાને તુરંત દેશ છોડવા કહ્યું છે. સંયુકત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરતા સિરિયાના વિદેશમંત્રીએ જણાવ્યું કે આતંકવાદ સામેની લડાઈના બહાને વિદેશી સેના સિરિયાની ધરતી પર છે જેને તુરંત હટાવવી જોઈએ.

# અમૂલના નવીન પ્રકલ્પોનું લોકાર્પણ

## જનધન-વનધન અને ગોબરધનનો પ્રધાનમંત્રીએ નવો વિકાસ મંત્ર આપ્યો : પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમુલના રૂા. ૧૧૨૦ કરોડના નવીન પ્રકલ્પોનું કર્યુ લોકાર્પણ-ખાતમુર્હૂત : મુંજકુવા સૂર્ય ઊર્જા સહકારી મંડળીનો કરાવ્યો પ્રારંભ







અમદાવાદ, તા.૩૦

પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારીતાના સશકત મોડલને આધાર બનાવીને અમૂલ અને ગુજરાતના સહકારી સંઘો સ્વીટ રીવોલ્યુએશન અને ગોબરધનના નવા મોડલ પ્રચલિત કરે તેવી ભલામણ કરી હતી.

ચરોતરમાં નવા પ્રયોગો કરવાની તાકાત છે. અમૂલના પ્રોફેશનલ્સ એમનું માર્ગદર્શન કરે એવા અનુરોધ સાથે પ્રધાનમંત્રીશ્રીએ જનધન, વનધન અને ગોબરધનનો નવો વિકાસ મંત્ર આપ્યો હતો. તેમણે પશુધનના છાણમાંથી ઊર્જા ઉત્પાદનનું ગોબરધન મોડેલ મિશન મોડમાં વિકસાવવાનું સૂચન કર્યું હતું અને જણાવ્યું હતું કે, તેનાથી ભારત સ્વચ્છ બનશે, કચરામાંથી કંચન પેદા કરી શકાશે અને કલીન એનર્જી મળશે. અમરેલી અને બનાસ ડેરીની સફળતાના દાખલા ટાંકીને તેમણે સ્વીટ રીવોલ્યુશન માટે મધમાખી ઉછેર અને મધ ઉત્પાદનની નવી પહેલો અપનાવવા અને વિકસાવવાની હિમાયત કરી હતી.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સન ૨૦૨૨માં ભારતની આઝાદીને અને ૨૦૨૦માં અમુલની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરાં થાય છે. અમૂલ તેને અનુલક્ષીને દૂધ ઉત્પાદન સહિત તમામ ક્ષેત્રોમાં સહકારીતાના નવા આયામો પ્રસ્થાપિત કરતાં લક્ષ્યો નિર્ધારીત કરે. ભારત મિલ્ક પ્રોસેસીંગમાં હાલમાં વિશ્વમાં ૧૦મા નંબરે છે, તેને ત્રીજા નંબરે લાવવાનો અમૂલ નિર્ધાર કરે. તેમણે જણાવ્યું કે, સરદાર સાહેબે અમૂલના માધ્યમથી સહકારીતાનું જે બીજ રોપ્યું એ સમાજવાદ અને મૂડીવાદની પ્રચલિત અર્થ વ્યવસ્થાઓની સામે એક વૈકલ્પિક સશકત અર્થ વ્યવસ્થાનું મોડેલ બની ગયું છે. ગુજરાતની સહકારીતા દેશ માટે નમૂનેદાર મોડેલ બની છે એમ તેમણે ઉમેર્યુ હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આણંદ જિલ્લાના મોગર ખાતે અમૂલ ડેરીના રૂા. ૧૧૨૦ કરોડના નવીન પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુર્હૂત કર્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેડૂતો અને પશુપાલકોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર પ્રતિબધ્ધ છે. ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુપાલકોની ચિંતા કરી ગુજરાતમાં બંધ પડેલી ડેરીઓને પુનઃજીવિત કરી હતી. જિલ્લે જિલ્લે ડેરીઓ દ્વારા દૂધની બનાવટોની વિકાસ યાત્રા આગળ ધપતી રહી જેને કારણે ગુજરાતના ડેરી ઉદ્યોગનો વિકાસ થયો છે.

પ્રારંભમાં સહુનો આવકાર કરતાં અમૂલના ચેરમેન શ્રી રામસિંહ પરમારે જણાવ્યું કે, સરદાર સાહેબની પ્રેરણાથી ૧૯૪૬માં અમૂલની સ્થાપના થઈ અને સહકારી ક્ષેત્રે ઉત્તમ વહીવટ પ્રદાન કર્યો છે. તેનું સમગ્ર શ્રેય અમૂલના સભાસદોને ફાળે જાય છે.

### અમૂલના સંચાલકોને મોદીજીની ચેલેન્જ, 'મિલ્ક પ્રોસેસિંગમાં વિશ્વમાં ત્રીજા નંબર આવીને બતાવો' : વિશ્વના ૪૦થી વધુ દેશોમાં અમૂલ બની ઓળખ, ઉંટડીના દૂધની કિંમત ગાયના દૂધ કરતા પણ બમણી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

### અમૂલ ડેરીના ભરપેટ વખાણ પણ કૂરિયનનો ઉલ્લેખ જ નહીં...!!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની મુલાકાતમાં જગ વિખ્યાત અમૂલ સહકારી ડેરીના વિવિધ પ્લાન્ટના ઉદઘાટન બાદ ડેરીની ધરતી પર કરેલા સંબોધનમાં જેમણે અમૂલ ડેરીને વિદેશમાં પહોંચાડી અને જેના કારણે શ્વેત ક્રાંતિમાં અમૂલનો પાયો નંખાયો તે ડેરીના પાયાના સ્થાપક વી. કૂરિયનના નામનો કોઈ ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેમ ના કર્યો તે એક ચર્ચાનો વિષય હતો.

તેમણે સહકારિતાનો પાયો સરદાર પટેલે નાંખ્યો એમ કહીને તેમને સન્માન આપ્યું પરંતુ કૂરિયનનો કોઈ ઉલ્લેખ ટાળ્યો હતો. જો કે મોદીના સંબોધન પહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમૂલના પાયાના સ્થાપકો ત્રિભોવનકાકા અને ડો. વી. કૂરિયનના નામનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ દેશના વડાપ્રધાને આવો કોઈ ઉલ્લેખ કર્યો નહોતો.

# યુએનની સુરક્ષા પરિષદમાં સુધારાની જરુર : સુષ્મા



### સુષ્મા સ્વરાજની આ ફટકારથી પાકે. યુએનમાં ફરી કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો

ન્યુ દિલ્હી,તા.૩૦

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૩મા સત્રમાં ભારતનાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પાકિસ્તાનની ભારોભાર આલોચના કરી હતી.

પોતાના સંબોધનમાં સુષ્માએ કહ્યું કે, પાકિસ્તાન એવો પડોશી દેશ છે જે આતંકવાદ ફેલાવવાની સાથે તેનો ઈનકાર કરવામાં પણ માહેર છે.

પાકિસ્તાનને આતંકવાદીઓ માટેનું સુરક્ષિત સ્થાન ગણાવતાં સુષ્માએ કહ્યું કે, ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમાં જે હુમલો કરાયો હતો તેનો માસ્ટર માઈન્ડ પણ પાકિસ્તાનમાં ખુલ્લેઆમ ફરી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે લશ્કર એ તોઈબાનો વડો હાફિઝ સઈદ આ હુમલાનો માસ્ટર માઈન્ડ છે અને પાકિસ્તાને તેને થોડો સમય નજરકેદ રાખ્યા પછી છોડી મૂક્યો છે. તેની સામે કોર્ટમાં ખટલો પણ શરૂ થયો નથી.

પોતાના સંબોધનમાં સુષ્માએ ગ્રીન હાઉસ ઈફેક્ટ અને આતંકવાદને દુનિયા સામેના સૌથી મોટા દુશ્મન અને પડકાર ગણાવ્યા

● અનુસંધાન પાન-૭ પર

# પૂંચમાં પાક.નું હેલિકોપ્ટર દેખાતા તંગ બનેલ સ્થિતિ

## હેલિકોપ્ટરનું ભારતીય એરસ્પેશમાં અતિક્રમણ થયું : પૂંચના ગુલપુર સેક્ટરમાં ૧૨.૩૦ વાગે ઘુસણખોરી કરાઈ

પૂંચ, તા. ૩૦

ત્રાસવાદના મુદ્દા ઉપર આંતરરાષ્ટ્રીય મંચ ઉપર ખુલ્લા પડી રહેલા પાકિસ્તાને સરહદ ઉપર ફરી એકવાર દુસાહસ કરવાના પ્રયાસ કર્યા છે. પાકિસ્તાને આ વખતે ભારતના એરસ્પેશમાં અતિક્રમણ કરવાના પ્રયાસ કર્યા છે. ભારતીય એરસ્પેશમાં પૂંચમાં પાકિસ્તાની હેલિકોપ્ટર નજરે પડ્યું હતું. એક વિડિયો સપાટી ઉપર આવ્યું છે જેમાં પાકિસ્તાનનું એક હેલિકોપ્ટર ભારતીય સરહદની અંદર નજરે પડી શકે છે. ભારતીય સેનાએ હેલિકોપ્ટરને નિહાળ્યા બાદ જવાબી કાર્યવાહીમાં કેટલાક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો ત્યારબાદ આ હેલિકોપ્ટર પરત જતું રહ્યું હતું. ભારતીય એરસ્પેશમાં પાકિસ્તાનના અતિક્રમણના કારણે ફરી એકવાર તંગદિલી ઉભી થઈ ગઈ છે. આજે બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ હેલિકોપ્ટર ભારતની સરહદની અંદર પૂંચના ગુલપુર સેક્ટરમાં જોવા મળ્યું હતું. ભારતીય સરહદની નજીક સુધી તે ઘુસ્યું હતું. વિડિયોમાં સુરક્ષા દળો તરફથી ચલાવવામાં આવેલા ગોળીબારનો અવાજ પણ સાંભળી શકાય છે. આ વિસ્તાર ઘુસણખોરીને લઈને ખુબ જ સંવેદનશીલ ગણવામાં આવે છે. જે ઉંચાઈ ઉપર આ હેલિકોપ્ટર ફરી રહ્યું હતું તેનાથી શંકા લાગે છે કે, આ વિસ્તારની રેકી કરવા માટે આવ્યું હતું. નિયમ મુજબ રોટરવાળા કોઈપણ વિમાન અંકુશરેખાની એક

● અનુસંધાન પાન-૭ પર

# સરદાર સાહેબની પ્રતિમામાં કેટલાકને ચૂંટણી દેખાઈ : મોદી

## રાજકોટ ખાતે પ્રધાનમંત્રીના હસ્તે ગાંધી મ્યુઝિયમનું લોકાર્પણ : આઈવે પ્રોજેક્ટ ફેસ-૨, મહુડીમાં આવાસોનું લોકાર્પણ, પાંચ મહિલાઓ સાથે ઓનલાઇન વાત પણ મોદીએ કરી

રાજકોટ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકોટમાં નવા બનાવાયેલા





મહાત્મા ગાંધી મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. ૨૬ કરોડના ખર્ચે આ તૈયાર કરવામાં આવ્યું છે. રાજકોટમાં જુદા જુદા કાર્યક્રમોમાં મોદી રહ્યા હતા. મહુડી ખાતે નિર્મિત ૩૮૪ આવાસોનું લોકાર્પણ કર્યુ હતું. સાથે સાથે રૈયાધાર ખાતે ૨૪૦ આવાસોનું ગૃહ પ્રવેશ કરાવ્યો હતો. મોદીએ રાજકોટમાં મહિલાઓ સાથે ટેકનોલોજી મારફતે વાત કરી હતી અને ત્યારબાદ સંબોધન પણ કર્યુ હતું. રૈયાધારવાસીઓ સાથે મોદીએ પાંચ બહેનો સાથે ઓનલાઈન વાત કરી હતી જેમાં મોદીએ મહિલોને કેટલાક સૂચનો કર્યા હતા. ઉપરાંત ગાંધી મ્યુઝિયમનું મોડેથી નિરીક્ષણ કર્યુ હતું. ગાંધી વિચાર દુનિયા માની રહી છે. મોદીએ પોતાના સંબોધનમાં અહીં કહ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલનું સ્મારક અમે બનાવી રહ્યા છીએ. સરદાર સાહેબની ઉંચાઈ એટલી હતી કે, આપણે તેમની પાસે પહોંચવું મુશ્કેલ છે. દેશ માટે મોટું કામ કરનાર સરદાર સાહેબને વિરોધીઓ ભુલી ગયા છે. પ્રતિમામાં પણ કેટલાકને ચૂંટણી દેખાવવા લાગી છે. આપણી જવાબદારી છે કે, સરદાર સાહેબના વિરાટ સ્વરુપને જાણીએ. સમગ્ર દેશની શ્રદ્ધાનું પ્રતિક છે. દેશની છ લાખ ગામની માટી, પાણી સરદાર સાહેબની પ્રતિમામાં જોડ્યું છે. તેમાં પણ કેટલાક જાતિ દેખાય છે. સરદાર સાહેબની પ્રતિમામાં રાજકારણ ન રમવા મોદીએ સૂચન કર્યુ હતું. મોદીએ કહ્યું હતું કે, સરદાર સાહેબને ભુલાવી દેવાના તમામ પ્રયાસો થયા હતા પરંતુ અમે તેમના ગૌરવને જાળવવા આગળ વધી રહ્યા છે. મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે, અમારી કોશિશ છે કે દેશના ઈતિહાસની સ્વર્ણિમ અને સમાજ ઈતિહાસ ભૂલી જાય છે તેનામાં ઈતિહાસ રચવાનું સામર્થ્ય પુરૂ થઈ જતું હોય છે.

નવો ઈતિહાસ રચવાનું હિદુસ્તાનમાં છે. આજની માનવ જાતની દુવિધાની માર્ગદર્શન કોઈ એક વ્યક્તિ પાસેથી સઘળી સમસ્યાનું ઉકેલ હોય તો તે છે પૂ. બાપુ. સૌરાષ્ટ્રની ધરતી જયાં સુદર્શન ચક્રધારી મોહન અને ચરખાધારી મોહન પ્રાપ્ત થયો છે. બન્ને મોહનોએ યુગો પર પ્રભાવ પેદા કર્યો છે. બીજી ઓકટોબરે મોહનદાસ કરમચંદ ગાંધી તરીકે એક યુગનો જન્મ થયો હતો.

હવે રાજકોટ ગાંધી જીવનના નકશાનું એક મહત્વનું અંગ બની ગયું છે. આજે વિશ્વ જે પર્યાવરણની સમસ્યા સામે ઝુઝી રહ્યો છે. આજથી ૧૦૦ વર્ષ પહેલા પ્રકૃતિની રક્ષા, પ્રેમ અપરિગ્રહ આ મૂળભૂત તત્વોને કોણ પ્રબોધન કરતું હતું, આપણી સામે તરત જ નામ આવે મહાત્મા ગાંધી. યુનાઈટેડ નેશન એ ચેમ્પિયન ઓફ અર્થ તરીકે સન્માન નરેન્દ્ર મોદીને આપ્યો. જેના સાચા હકદાર દેશવાસી અને મહાત્મા ગાંધી છે.

